| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૧૦/૧૨/૨૦૧૮ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૦/૧૨/૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ. | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો. | **વર્ષ** | **માસ** | **દિન** |
| | **૦૭** | **૦૫** | **૨૩** |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીક જજ સાહેબની કોર્ટમાં, મુ મહેસાણા.**

**રેગ્યુલર સીવીલ અપીલ નં.૧૧૭/૨૦૧૮**

**આંકઃ–૩૬**

**વિવાદીઃ–** **સુથાર કુબેરભાઇ સોમાભાઇ મૈચતના વારસો**

**(મુળ વાદી)** **૧/૧) સુથાર કનુભાઇ કુબેરદાસ (પુત્ર)**

**૧/૨) સુથાર પુષ્પાબેન કુબેરદાસ (પુત્રી)**

**૧/૩) સુથાર રેખાબેન કુબેરદાસ (પુત્રી)**

**૧/૪) મિસ્ત્રી ભરતકુમાર કુબેરદાસ (પુત્ર)**

નં.૧/૧ થી ૧/૪ રહે.દેવગઢ,

તા.બેચરાજી, જી.મહેસાણા.

**૧/૫) ગજજર સ્નેહલબેન કેવળભાઇ (પૌત્રી)**

**૧/૬) સુથાર નિલેશભાઇ કેવળભાઇ (પૌત્ર)**

**૧/૭) સુથાર અકિંતાબેન કેવળભાઇ (પૌત્રી)**

નં.૧/૫ થી ૧/૭ રહે.રામપુરા–દેત્રોજ,

તા.દેત્રોજ, જી.અમદાવાદ.

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદીઃ–** **સુથાર નરસિંહભાઇ કેશવલાલ,**

**(મુળ પ્ર.વાદી)** ઉ.વ.આ.૭૪,

રહે.મુ.પો.કુડાસણ, તા.જી.ગાંધીનગર.
હાલ રહે.બ્લોક નં.૩૦૩, સંગાથ ફ્લેટ,
સત્યમેવ સુર્યાની સામે, નવા કોબા,
તા.જી.ગાંધીનગર.

---

વિવાદી તર્ફે :– વિ.વ.શ્રી આર.એન.જાદવ
પ્રતિવિવાદીઓ તર્ફે :– વિ.વ.શ્રી ડી.બી.ઠાકોર

---

**બાબતઃ–** સી.પ્રો.કો. ઓર્ડર–૪૧ મુજબ અપીલ

**–// ચુકાદો //–**

(૧) વિવાદીએ રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે વાદીના દાવાને નામંજુર (રદ) કરતા આંક–૧૦૫ થી કરેલ પ્રિન્સીપાલ સીવીલ જજ, બહુચરાજી નાઓના તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજના હુકમ તથા આંક–૧૦૬ થી દોરવામાં આવેલ હુકમનામાથી નારાજ થઇ વિવાદીએ હાલની અપીલ ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે પ્રતિવિવાદીઓને અપીલના કામે નોટીસની બજવણી થતા પ્રતિવિવાદીઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે પરંતુ તેઓએ વિવાદીના અપીલ મેમો સામે કોઇ લેખિત જવાબ/વાંધા રજુ કરેલ નથી.

(૩) આ કામે વિવાદી તર્ફે આંક–૩૩ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જેની વિગત ધ્યાને લીધી.

(૪) આ કામે પ્રતિવિવાદી તર્ફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલો સાંભળી, તેઓની દલીલોનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં વાદીએ રેવન્યુ દફતરે પડેલી નોંધ નં.૪૦૩૪ કે જે તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે અને તે નોંધ

તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ મામલતદારશ્રી નાઓએ પ્રમાણિત કરેલ છે. તે નોંધની કાયદેસરતાને પડકારેલી છે અને ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો સમયમર્યાદાના મુદ્દા ઉપર નામંજુર(રદ્દ) કરેલો છે. વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા મુદ્દા નં.૭ ના નિર્ણયમાં ટાઇપોગ્રાફીકલ ભુલ થયેલ છે તે મુદ્દા ઉપર ભાર મુકેલો છે અને તેમા મુદ્દા નં.૭ ના નિર્ણયમાં શરતચુકથી "હકારમાં" લખવાના બદલે ટ્રાયલ કોર્ટથી "નકારમાં" ટાઇપ થયેલ છે અને કારણોમાં તે જ પ્રમાણે હકારાત્મક જવાબની વિગત દર્શાવેલી છે. આવા સંજોગોમાં જે તે સમયે સને ૧૯૬૯ ના વર્ષમાં ભાઇઓ ભાગની વહેચણી થયેલ અને તેની નોંધ રેવન્યુ દફતરે પડેલ છે અને તે નોંધ પ્રમાણિત થયેલ છે અને ત્યારથી તકરારી મિલકતનો કબજો જે તે વ્યકિત પાસે પરત આવેલો છે. આ સંજોગોમાં વાદીનો દાવો નામંજુર(રદ્દ) કરવાનો ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ કાયદેસરનો છે. જેથી ટ્રાયલ કોર્ટનો વાદીનો દાવો નામંજુર (રદ્દ) કરતો હુકમ કાયમ કરવા દલીલ કરેલ છે અને પોતાની દલીલોની સાથે દલીલોના લેખિત મુદ્દા પણ આંક-૩૫ થી રજુ કરેલા છે જેની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવા અરજીની વિગતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ દાવા અરજીના પેરા-૦૨ માં જે વિગતો દર્શાવેલી છે તે અત્રે અક્ષરસહઃ નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"ડીસ્ટ્રીકટ મહેસાણાના સબ ડીસ્ટ્રીકટ બેચરાજીના મોજે દેથલી (દેવગઢ) ખેતીની જમીન જેનો રેવન્યુ ખાતા નં. ૨૩૬ જેનો સર્વે નં.૮૬૨, જેનુ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૨-૧૧-૬૭, આકાર રૂા.૫.૯૪ તેમજ સર્વે નં.૮૮૦ જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૪૫-૧૯ આકાર રૂા.૧.૬૨ તથા સર્વે નં.૮૮૧ તેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩-૩૫-૩૪ જેનો આકાર રૂા.૧૦.૩૧ આમ કુલ હે.આરે.ચો.મી. ૫-૯૨-૨૦ અને આકાર રૂા.૧૭-૮૭ છે. તે તમામ જુની**

**શરતની ખેતીની જમીન છે તે તમામ ખેતીની જમીન સદર દાવાવાળી મિલકત તરીકે વર્ણવવામાં આવે છે. જે દાવાવાળી મિલકત ગણવી."**

વધુમાં, વાદીએ દાવા અરજીના પેરા–૦૪ થી દાવા અરજીમાં જે કોઇ વિગતોનું પ્લીડીંગ કરેલ છે અને જે વિગતો જાહેર કરેલ છે તે પણ અત્રે અક્ષરસહઃ નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

**"અમો વાદીના પિતા સોમનાથ કાળીદાસ નાઓએ પોતાની કમાણીમાંથી મોજે દેથલી ગામની સીમના સર્વે નં.૭૯૯, ૮૧૨, ૮૧૫, ૮૬૨, ૮૮૦, ૮૮૧ આમ કુલ છ સર્વે નંબર ખરીદેલા જેનો કબજો ભોગવટો અમો વાદીના પિતાનો સને ૧૯૪૭ થી હતો જેના વેચાણ દસ્તાવેજ પેટામાં સામેલ છે. જે અમો વાદીના પિતાના નામે થયેલ છે. જે દસ્તાવેજો જુદી જુદી વ્યકિતઓ પાસેથી ખરીદેલા છે. જેના ઉપર કબજો ભોગવટો અમો વાદીના પિતાનો હતો ત્યાર બાદ અમો વિવાદીનો નાનપણથી કબજો ભોગવટો ધરાવીએ છીએ અને તેમા ખેતી કરતા આવેલા છીએ."**

આમ, વાદીએ દાવા અરજીમાં આ વિગતોનું પ્લીડીંગ કરેલુ છે જે ગંભીરતાથી નોંધવાલાયક છે.

(૬) વાદીની દાવા અરજી સામે પ્રતિવાદીએ આંક–૦૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને લેખીત જવાબના પાન નં.૯,૧૦ અને પાન નં.૧૧ ઉપર પ્રતિવાદી દ્વારા જે વિગતો જાહેર કરવામાં આવેલ છે તે પણ અત્રે અક્ષરસહઃ નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

**" ખરી હકીકત એમ છે કે, અમો પ્રતિવાદી તથા વાદીના દાવા અરજ પેરા–૦૩ માં જણાવેલ પેઢીનામા મુજબ પિતરાઇ ભાઇઓ થઇએ છીએ અને અમારા વડવાઓના મુળ વતન બામરોલી તાલુકો દેત્રોજ થાય છે. પરંતુ અમારા વડવાઓ મોજે દેવગઢ મુકામે વર્ષોથી આવી વસેલા અને**

ત્યાં આગળ સ્થાવર તેમજ જંગમ મિલકતો વસાવેલી. જે સદરહું તમામ વડીલો પાર્જીત મિલકત અમો વાદી તથા પ્રતિવાદીના પિતાઓના નામે સરખા ભાગે વહેંચણી થઈ ગયેલ છે અને તેના રે. રેકર્ડમાં વાદી તથા પ્રતિવાદીના નામે પણ થઈ ગયેલ છે. સદરહું દાવાવાળી તકરારી મિલકત સર્વે નં. ૮૬૨, ૮૮૦, ૮૮૧ અમો પ્રતિવાદીના પિતાના નામે વહેંચણીમાં તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ થયેલ છે. જેમા ગામના નમુના નં.હકક પત્રક ૬ માં નોંધ નં.૪૦૩૪ થી થયેલ છે. તેમજ વાદીના પિતાના નામે વહેંચણીથી સર્વે નં.૭૯૯, ૮૧૨, ૮૧૫ પણ હકકપત્રકમાં નોંધ નં.૪૦૩૪ થી દાખલ થયેલ છે. જેથી સદરહું મિલકતોનો ઘણા વર્ષો અગાઉ વહેંચણી આધારે કબજા ભોગવટા પણ અમો પ્રતિવાદી તથા વાદીના સ્થળે હાલમાં મોજુદ છે. તેમજ સદરહું સર્વે નંબરોના ખાતેદાર તરીકે મિલકતો પણ અલગ અલગ રે. રેકર્ડમાં ચાલે છે.

પરંતુ હાલમાં જમીનોના ભાગ વધતા વાદીની અમારી મિલકત ઉપર દાનત બગડતા મિલકત (જમીન) પડાવી લેવાના ઈરાદે તેમજ અમોને હેરાન પરેશાન કરવા અને આર્થિક રીતે ખોટા ખર્ચમાં ઉતારી પાડવાના ઈરાદે ખોટે ખોટી રજુઆતો અને હકીકતો નામદાર કોર્ટમાં રજુ કરી ખોટો દાવો તથા મનાઈ હુકમની અરજ દાખલ કરેલ છે. જે પ્રથમ દર્શનીય રદ્દ થવાને પાત્ર છે.

વાદીએ નામ. કોર્ટમાં દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલ રજી. વેચાણ દસ્તાવેજ જે વાદીના પિતાના નામે છે. પરંતુ તે સમયે અમો પ્રતિવાદીના પિતા તેમજ વાદીના પિતા સંયુકત કુટુંબમાં રહેતા હતા અને વાદીના પિતા ઉંમરમાં સૌથી મોટા હતા અને અમો પ્રતિવાદીના ખૂબજ ઓછી ઉંમરના હતા. જેથી જે તે સમયે સદરહું મિલકત

ખરીદ કરેલ તે સમયે જેઓ મોટા હોઈ વાદીના પિતાના નામે કરેલા. સદરહું તકરારી મિલકત વાદીના પિતાએ ખરીદેલ નથી. પરંતુ અમારા સંયુકત કુટુંબની ભેગી આવકમાંથી ખરીદેલ છે. વાદીના પિતાની સ્વપાર્જીત મિલકત નથી. જેથી જે તે સમયે મિલકત વહેંચણી પણ થઇ ગયેલ છે.

અમો વાદી તથા પ્રતિવાદીની મોજે બામરોલી, તા.દેત્રોજ તાલુકે આવેલ મિલકતો પણ અમો પ્રતિવાદી તથા વાદીના પિતાશ્રીએ ભેગા મળી જે તે સમયે વેચાણ કરી દીધેલ છે અને તે મિલકતમાંથી પણ હાલના વાદીએ મોજે બામરોલીની વડીલોપાર્જીત મિલકત પણ વાદીએ વેચાણ કરી અવેજ હાલના વાદીએ જ  લીધેલ છે. જે વેચાણ દસ્તાવેજની નકલ પણ આ સાથે રજુ કરીએ છીએ.

આ કામના વાદીએ અમો પ્રતિવાદી વિરૂધ્ધ નામ. મહેસાણાના પ્રાંત અધિકારી સમક્ષ વિવાદ દાખલ કરેલ જેનો હુકમ તા.૧૭/૦૫/૨૦૦૮ ના રોજ કરેલો. જે વિવાદ પણ સમયમર્યાદાના કાયદા હેઠળ વિરૂધ્ધ કલેકટરશ્રી મહેસાણા નાઓ સમક્ષ રીવીઝન દાખલ કરેલ. જે સદરહું રીવીઝન પણ નામ. સાહેબે કાઢી નાંખેલી. ત્યારબાદ હાલના વાદીએ અગ્ર સચીવશ્રી મહેસુલ વિભાગ, અમદાવાદ ખાતે પણ વિવાદ દાખલ કરેલો. જે વિવાદ પણ નામ. અગ્ર સચીવ મહેસુલ વિભાગ અમદાવાદ નાઓએ તા.૦૪/૧૧/૨૦૧૦ ના રોજ નામંજુર કરેલ છે. જે હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

સદરહું દાવાવાળી મિલકતો સર્વે નં.૮૬૨, ૮૮૦, ૮૮૧ સને ૧૯૬૯ થી વહેંચણી થઇ ત્યારથી માલિકી હકકે કબજો ભોગવટો અમો પ્રતિવાદીનો છે. વાદીનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક–હિસ્સો કે કબજો ભોગવટો કે માલિકી હકક હતો નહિ અને હાલમાં પણ નથી. વાદીએ

**અમો પ્રતિવાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરવા હાલનો આ દાવો તથા મનાઈ હુકમ અરજ દાખલ કરેલ હોઈ ખર્ચ સહ રદ્દ કરી અમો પ્રતિવાદીને કોમ્પેન્ઝટરી કોસ્ટ (વળતર) અપાવવા હુકમ કરવા મે. થશે."**

(૭) રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે દાવા અરજીના સમર્થનમાં પોતાની પ્લીડીગની વિગત સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**// મૌખીક પુરાવો //**

| અ.નં. | આંક | નામ |
|---|---|---|
| ૦૧ | ૨૨ | વાદી સુથાર કુબેરભાઇ સોમનાથની સરતપાસનું સોગંદનામુ |
| ૦૨ | ૪૧ | વાદી તર્ફે સાહેદ ભરતભાઇ ભાઇલાલભાઇની સરતપાસનું સોગંદનામુ |
| ૦૩ | ૪૨ | વાદી તર્ફે સાહેદ અમરતજી મોહનજી ઠાકોરની સરતપાસનું સોગંદનામુ |

**// દસ્તાવેજી પુરાવો //**

| અ.નં. | આંક | નામ |
|---|---|---|
| ૦૧ | ૨૫ | વાદીનું પેઢીનામુ |
| ૦૨ | ૨૬ | વાદીના પિતાએ સ્વપાર્જીત ખરીદેલ દાવાવાળી મિલકતના રજી. વેચાણ દસ્તાવેજની ટ્રુ કોપી નકલ નંગ-૪. |
| ૦૩ | ૨૭ | તકરારી નોંધ નં.૪૦૩૪ |
| ૦૪ | ૨૮ | નોંધ નં.૪૦૩૪ ના દસ્તાવેજી પુરાવા ત.ક.મંત્રી પાસે માંગેલા તેનો જવાબ અસલ |
| ૦૫ | ૨૯ | મામલતદારશ્રીમાંથી નોંધ નં.૪૦૩૪ લગત માંગેલ માહિતી લગત જવાબ અસલ |
| ૦૬ | ૩૦ | નોંધ નં.૪૦૩૪ લગત માંગેલ ટી.ડી.ઓ.શ્રીએ આપેલ જવાબ અસલ |

| | | |
|---|---|---|
| ૦૭ | ૩૧ | દાવાવાળી મિલકતના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની તમામ નકલ ટ્રુ કોપી તેમજ ૧૯૫૧/૫૨ થી અત્યાર સુધીના ૭/૧૨ ના ઉતારા ટ્રુ કોપી |
| ૦૮ | ૩૨ | ગામ નમુના નં.૭/૧૨ ના ઉતારા તથા ૮/અ ની ખાતાવહી નંગ–૦૪ |
| ૦૯ | ૩૩ | ગામતળનો નકશો |
| ૧૦ | ૩૪ | વાદીના પિતાનું મૃત્યુનો દાખલો |

(૮) રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે પ્રતિવાદીએ પોતાના બચાવની વિગત સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**// મૌખિક પુરાવો //**

| **અ.નં.** | **આંક** | **નામ** |
|---|---|---|
| ૦૧ | ૪૮ | પ્રતિવાદી સુથાર નરસિંહભાઇ કેશવલાલની સોગંદ ઉપરની જુબાની |
| ૦૨ | ૭૬ | પ્રતિવાદી તર્ફે સાહેદ સુથાર રતિલાલ ડાહ્યાલાલની જુબાની |
| ૦૩ | ૭૭ | પ્રતિવાદી તર્ફે સાહેદ ગમાજી પાખુજી ઠાકોરની જુબાની |
| ૦૪ | ૭૮ | પ્રતિવાદી તર્ફે સાહેદ સુથાર ગોવિંદભાઇ શાંતિલાલની જુબાની |
| ૦૫ | ૮૮ | પ્રતિવાદી તર્ફે સાહેદ સુથાર વિષ્ણુપ્રસાદ ઇશ્વરલાલની જુબાની |

**// દસ્તાવેજી પુરાવો //**

| **અ.નં.** | **આંક** | **નામ** |
|---|---|---|
| ૦૧ | ૫૦ | દાવાવાળી જમીન સ.નં.૮૬૨, ૮૮૦, ૮૮૧ ની ભાઇઓ ભાગની વહેંચણીની નોંધ નં.૪૦૩૪ તથા નોંધ નં.૫૬૧૦ થી પ્રતિવાદી તથા પ્રતિવાદીના બહેનોના નામ દાખલ થયેલાની નોંધ |

| | | |
|---|---|---|
| ૦૨ | ૫૧ | પ્રાંત અધિકારી, મહેસાણા દ્વારા આર.ટી.એસ. વિવાદ/ દા.સુ/૧/૨૦૦૭ નો હુકમ |
| ૦૩ | ૫૨ | જીલ્લા કલેકટર, મહેસાણા દ્વારા વાદીની અરજી નામંજુર કરેલ તે હુકમ |
| ૦૪ | ૫૩ | ખાસ સચીવ, મહેસુલ વિભાગ, અમદાવાદ દ્વારા વાદીની રીવીઝન અરજી હેઠળ મનાઇ હુકમ મેળવવાની માંગણી નામંજુર કરેલ તે હુકમ |
| ૦૫ | ૫૪ | શ્રી ભવાનભાઇ બબલદાસનું સોગંદનામુ |
| ૦૬ | ૫૫ | શ્રી પુરષોત્તમભાઇ બબલદાસનું સોગંદનામુ |
| ૦૭ | ૫૬ | દેથલી ગ્રામ પંચાયતમાં સ.નં.૮૬૨, ૮૮૦ તથા ૮૮૧ સને ૧૯૬૯ થી ૨૦૧૩ સુધી વેરો જમા કરાવેલ તેનો તલાટી કમ મંત્રી, દેથલી દ્વારા આપવામાં આવેલ દાખલો |
| ૦૮ | ૫૭ | સ.નં.૮૬૨, ૮૮૦ તથા ૮૮૧ સને ૧૯૯૦ થી ૧૯૯૫ સુધીની ખેડુત ખાતાવહી કુલ-૦૩ |
| ૦૯ | ૫૮ | દેવગઢ સેવા સહકારી મંડળીનો દાખલો |
| ૧૦ | ૫૯ | દેવગઢ સેવા સહકારી મંડળી દ્વારા આપવામાં આવેલ શેર સર્ટીફીકેટ નં.૫૦૭૦ |
| ૧૧ | ૬૦ | પ્રતિવાદીનું નામ સ.નં.૮૬૨, ૮૮૦ તથા ૮૮૧ ના ૭/૧૨ માં કબજેદારના કોલમમાં દાખલ થયેલ છે જે ૭/૧૨ |
| ૧૨ | ૭૩ | બામરોલી ગામમાં આવેલ વાદીના પિતાના ભાગની જમીનનો અસલ દસ્તાવેજી પુરાવો |
| ૧૩ | ૮૪ | દાવાવાળી જમીન બાબતે વાદી-પ્રતિવાદી વચ્ચે થયેલ વહેંચણી કરાર અસલ |
| ૧૪ | ૯૫ | કટેકટર સાહેબશ્રી મહેસાણા દ્વારા કરવામાં આવેલ હુકમની નકલ |
| ૧૫ | ૯૬ | દાવાના કામે વાદીના સાહેદે આપેલ જુબાની તથા ઉલટતપાસની નકલ |

| | | |
|---|---|---|
| ૧૬ | ૯૯ | મહેસાણા કલેકટર સાહેબશ્રી દ્વારા કરવામાં આવેલ હુકમ અસલ |

આ સિવાય બીજો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૯) રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૧૭ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

**મુદ્દાઓઃ–**

૧. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા.૨ માં જણાવવામાં આવેલ દેથલી (દેવગઢ) ગામની ખેતીની જમીન રે.સ.નં.૮૬૨ હે.આરે.ચો.મી. ૨–૧૧–૬૭ તથા રે.સ.નં.૮૮૦ હે.આરે.ચો.મી. ૦–૪૫–૧૯ તથા રે.સ.નં.૮૮૧ હે.આરે.ચો.મી. ૩–૩૫–૩૪ વાળી કુલ હે.આરે.ચો.મી. ૫–૯૨–૨૦ વાળી ખેતીની જમીન વાદીના પિતા સોમનાથ કાળીદાસ નાઓએ જુદી જુદી વ્યકિતઓ પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી અને તેના પર તેમના પિતાનો અને ત્યાર બાદ વાદીનો કબજો ભોગવટો આવેલ છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા.૨ માં જણાવવામાં આવેલ દેથલી (દેવગઢ) ગામની ખેતીની જમીન રે.સ.નં.૮૬૨ હે.આરે.ચો.મી. ૨–૧૧–૬૭ તથા રે.સ.નં.૮૮૦ હે.આરે.ચો.મી. ૦–૪૫–૧૯ તથા રે.સ.નં.૮૮૧ હે.આરે.ચો.મી. ૩–૩૫–૩૪ વાળી કુલ હે.આરે.ચો.મી. ૫–૯૨–૨૦ વાળી ખેતીની જમીન તથા રે.સ.નં.૭૯૯, ૮૧૨, ૮૧૫ વાદીના પિતા સોમનાથ કાળીદાસ નાઓએ જુદી જુદી વ્યકિતઓ પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી અને તે તમામ મિલકતો

તેઓની સ્વપાર્જીત મિલકત છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે, વાદીના દાદા સુથાર કાળીદાસ કેશવલાલની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીન અમદાવાદ જીલ્લાના દેત્રોજ તાલુકાના બામરોલી ગામે આશરે ૧૦ વિઘા જમીન આવેલ જે પ્રતિવાદીના પિતાના ભાગે આવેલ હતી અને તેમાથી વાદીને કોઈ ભાગ આપવામાં આવેલ ન હતો?

૪. શું વાદી પુરવાર કરે છે કે, દેથલી (દેવગઢ) ગામની ખેતીની જમીન રે.સ.નં.૭૯૯, ૮૧૨, ૮૧૫, ૮૬૨, ૮૮૦, ૮૮૧ ની ગામ નમુના નં.૬ માં હકકપત્રકે નોંધ નં.૪૦૩૪ મુજબ રે.સ.નં.૭૯૯, ૮૧૨ તથા ૮૧૫ વાદીના પિતાના નામે તથા રે.સ.નં.૮૬૨, ૮૮૦ તથા ૮૮૧ કેશવલાલ કાળીદાસના નામે તેઓની કે તેઓના પિતાની જાણ બહાર કરવામાં આવેલી?

૫. શું વાદી પુરવાર કરે છે કે, ગામ નમુના નં.૬ માં હકકપત્રકે નોંધ નં.૪૦૩૪ ને આધારે પ્રતિવાદીઓ વાદીને જમીનનો કબજો પડાવી લેવા ધમકીઓ આપી રહેલ છે અને પ્રયત્નો કરી રહયા છે?

૬. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના પિતા તથા તેઓના પિતા સંયુકત કુટુંબમાં તે સમયે રહેતા હોય અને પ્રતિવાદીના પિતાની ઉંમર ખૂબજ ઓછી હોય દાવાવાળી મિલકતોના દસ્તાવેજો વાદીના પિતાના નામે કરવામાં આવેલા?

૭. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે?

૮. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે?

૯. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને

પક્ષકારોની ખામીનો બાધ નડે છે?

૧૦. શું વાદી માંગ્યા મુજબની દાદ કે દાદો મેળવવા હકકદાર છે?

૧૧. શું હુકમ તથા હુકમનામુ?

(૧૦) રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક–૧૭ થી ટ્રાયલ કોર્ટ દ્ધારા જે મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૧૦ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓના નિર્ણયો ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં પાન નં.૯ ઉપર નીચે મુજબ કરેલ છે.

૧. મુદ્દા નં.૧ અંશતઃ હકારમાં.
૨. મુદ્દા નં.૨ હકારમાં.
૩. મુદ્દા નં.૩ નકારમાં.
૪. મુદ્દા નં.૪ નકારમાં.
૫. મુદ્દા નં.૫ નકારમાં.
૬. મુદ્દા નં.૬ નકારમાં.
૭. મુદ્દા નં.૭ નકારમાં.
૮. મુદ્દા નં.૮ હકારમાં.
૯. મુદ્દા નં.૯ અંશતઃ હકારમાં.
૧૦. મુદ્દા નં.૧૦ આખરી હુકમ મુજબ.

(૧૧) આ કામે હાલની અપીલના નિર્ણય માટે રે.દિ.મુ.નં. ૨૧/ ૨૦૧૦ ના દાવાનું તમામ અસલ રેકર્ડ અત્યંત ગંભીરતાથી વંચાણે લીધુ.

(૧૨) ઉપરોકત હકીકતે હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

૧. શુ વિવાદી પુરવાર કરેલ છે કે, રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના

દાવાના કામે વાદીના દાવાને નામંજુર (રદ્દ) કરતો આંક– ૧૦૫ થી કરવામાં આવેલ પ્રિન્સાપીલ સીવીલ જજ, બેચરાજી નાઓનો હુકમ તથા આંક–૧૦૬ થી દોરવામાં આવેલ હુકમનામુ કાયદા વિરૂધ્ધનું, ગેરકાયદેસરનું, ભુલ ભરેલુ, હકીકતોથી વિરૂધ્ધનું અને હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ્દ થવાને પાત્ર છે?

૨. શું હુકમ ?

(૧૩) ઉપરોક્ત પોઈન્ટ ફોર ડીટરમીનેશન મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧ અંશતઃ હકારમાં.

૨. મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

ઉપરોક્ત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## –// કા ર ણો //–

**પોઈન્ટ ફોર ડીટરમીનેશન મુદ્દા નં.૧ઃ–**

(૧૪) આ કામે હાલના વિવાદી રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે વાદી છે. જ્યારે હાલના પ્રતિવિવાદી રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે પ્રતિવાદીઓ છે. જેથી પક્ષકારોની ઓળખ જળવાય રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખને ધ્યાને લઈ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદ્દા ઉપર તે મુજબ અર્થઘટન કરવાનું રહેશે.

(૧૫) આ કામે ચાલુ અપીલના કામે વિવાદીનું અવસાન થતા વિવાદીના વારસોને રેકર્ડ ઉપર લાવવામાં આવેલા છે અને તે બાબતનો સુધારો કરી સુધારેલો અપીલ મેમો વિવાદીએ રજુ કરેલ છે.

(૧૬) આ કામે વાદીએ દાવા અરજીના પેરા–૦૧ થી પેરા–૧૩ સુધીમાં જે કોઇ પ્લીડીંગ કરેલ છે તેમા કોઇ ટાઇપોગ્રાફીકલ ભુલ હોય અથવા પ્લીડીંગમાં કોઇ વિગત ખોટી રીતે જાહેર થઇ ગયેલ હોય અથવા તે પ્લીડીંગમાં કોઇ નવી વિગતો ઉમેરવાની બાકી રહેલ હોય અથવા તો પ્લીડીંગની કોઇ વિગતો દુર કરવાની હોય અથવા તો કોઇ ટાઇપોગ્રાફીકલ ભુલ થયેલ હોય તે સુધારવા માટે દાવાના કામે કોઇ અરજી ગુજારેલી હોય તેવુ જણાય આવતુ નથી. આવા સંજોગોમાં વાદીએ દાવા અરજીના પેરા–૦૧ થી પેરા–૧૩ સુધીમાં જે કોઇ વિગતોનું પ્લીડીંગ કરેલુ છે તેમા કોઇ ટાઇપોગ્રાફીકલ ભુલ નથી અને તે વાદીએ જાહેર કરેલ વિગતો છે. જેથી તે વાદીની પોતાની ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૭, ૧૮, ૧૯ અને ક.૨૦ ની જોગવાઇઓ અનુસારની સ્વીકૃતી છે તે રીતે ધ્યાને લેવુ પડે. વાદી પોતે સ્વીકૃત કરેલ પ્લીડીંગની વિગતોથી વિરૂધ્ધની કોઇ બાબત કહેવા જતા હોય અથવા કહેતા હોય તો વાદીને ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૧૫ ની જોગવાઇ અનુસાર રૂલ ઓફ એસ્ટોપલનો બાધ નડે છે તેવુ અત્રેની એપેલેટ કોર્ટનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

(૧૭) આ કામે વાદીએ દાવા અરજીના પેરા–૧૦(૨) માં જે દાદ માંગેલ છે તે અત્રે અક્ષરસહઃ નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"મહેસાણા જીલ્લાની બેચરાજી તાલુકાના મોજે દેથલી દેવગઢની સીમના રેવન્યુ સર્વે નં.૮૬૨, ૮૮૦, ૮૮૧ કેશવલાલ કાળીદાસના ખાતે ખોટી રીતે તા. ૨૪/ ૧૨/૧૯૬૯ ના રોજ પડેલ નોંધ નં.૪૦૩૪ તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ મામલતદારશ્રી બેચરાજી નાઓએ પ્રમાણિત કરેલ હુકમથી સદર નોંધ ખોટી ગેરકાયદેસર રીતે પાડવામાં આવેલ છે. જે રદ્દ કરવા હુકમ કરવા મે. કરશોજી."**

આમ, વાદીએ દાવો કરી જે દાવાવાળી તકરારી મિલકત સંદર્ભે દાદ માંગેલ હતી તે મોજે ગામે દેથલી (દેવગઢ), તા.બહુચરાજી, જી. મહેસાણાની સીમના સર્વે નં.૮૬૨, ૮૮૦, ૮૮૧ જે તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ નોંધ નં.૪૦૩૪ ની પાડવામાં આવેલ અને તે તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ મામલતદારશ્રી, બેચરાજી નાઓએ પ્રમાણિત કરેલ છે. તે નોંધની કાયદેસરતાને પડકારેલી છે. આમ, **વાદીએ દાવાવાળી તકરારી ખેતીની જમીન સંદર્ભે રેવન્યુ દફતરે નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે તે નોંધની કાયદેસરતાને તા.૨૩/૦૮/૨૦૧૦ ના રોજ દિવાની અદાલતમાં પડકારેલ છે તેવુ રેકર્ડ ઉપરથી સૌ પ્રથમ સ્પષ્ટ થાય છે. આમ, આ મહત્વની બાબતોને ધ્યાને લેવામાં આવે તો રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ કે જે તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે ત્યારથી લઈને દાવો તા.૨૩/૦૮/૨૦૧૦ ના રોજ દાખલ કરવામાં આવેલો છે તે વચ્ચેનો સમયગાળો ધ્યાને લેવામાં આવે તો ૪૦ વર્ષ ૦૭ મહિના અને ૩૦ દિવસ થાય છે. આમ, રેવન્યુ દફતરે નોંધ નં.૪૦૩૪ પડયા બાદ ૪૦ વર્ષ ૦૭ મહિના અને ૩૦ દિવસ બાદ આ નોંધની કાયદેસરતાને વાદીએ દિવાની અદાલતમાં પડકારેલી છે**.

વધુમાં, **આ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ મામલતદારશ્રી, બેચરાજી નાઓએ પ્રમાણિત કરેલ છે અને જેથી તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ આ નોંધ પ્રમાણિત કરવામાં આવી ત્યારથી લઈને તા.૨૩/૦૮/૨૦૧૦ ના રોજ દાવો દાખલ કરવામાં આવ્યો તે વચ્ચેનો સમયગાળો ધ્યાને લેવામાં આવે તો વાદીએ ૪૦ વર્ષ ૦૬ માસ અને ૦૮ દિવસ બાદ હાલનો દાવો નોંધની કાયદેસરતાને પડકારીને કરેલો છે. આમ, નોંધ પ્રમાણિત થયા બાદ ૪૦ વર્ષ ૦૬ માસ અને ૦૮ દિવસ બાદ વાદીએ દાવો દાખલ કરેલ છે જે રેકર્ડ ઉપરની સ્પષ્ટ વિગત છે તેવુ અત્રેની એપેલેટ કોર્ટ અત્યંત ગંભીરતાથી નોંધે છે**.

(૧૮) **આ કામે વાદીએ દાવા અરજીના પેરા–૦૧ થી પેરા–૧૩ સુધીમાં જે કોઇ પ્લીડીંગ કરેલ છે તે પ્લીડીંગમાં સને ૧૯૬૯ થી લઇને સને ૨૦૧૦ સુધી દાવાવાળી તકરારી જમીનમાં કયારે, કયા પાકનું વાવેતર કરવામાં આવેલ અને કયો પાક ત્યાં વેચવામાં આવેલો અને તે પાકના વાવેતર સંદર્ભે ખેતી વાદીએ જાતે કરેલ કે વાદીના પિતાએ જાતે કરેલ કે વાદીએ માણસો મારફતે કરાવેલ તે સંદર્ભે કોઇ સ્પષ્ટ વિગતોનું પ્લીડીંગ કરેલ નથી** પરંતુ વાદીએ દાવા અરજીમાં નાનપણથી જમીનનો કબજો ભોગવટો પિતાના સમયમાં હતો અને ત્યાર બાદ પોતાનો છે તે રીતે વિગત જણાવેલ છે. આ વિગતની સાથે વાદી સુથાર કુબેરદાસ સોમાભાઇ નાઓની આંક–૨૨ ની સોગંદ ઉપરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો સરતપાસમાં પાન નં.૬ ઉપર વાદીએ એવુ સ્પષ્ટ જાહેર કરેલ છે કે,

> **"આમ, અમો વાદીના કબજા ભોગવટાની જમીન જેનો સર્વે નં.૮૬૨, ૮૮૦, ૮૮૧ ખોટી રીતે વહેંચણીની નોંધ નં. ૪૦૩૪ પાડવામાં આવેલ છે. જેમા પ્રતિવાદીને કોઇ લેવા દેવા ન હોવા છતાં ખોટી વહેંચણી કરાવેલ છે અને અમારી પાસેથી કબજો છીનવી લીધેલ છે. આ દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ જયારે પ્રતિવાદી દસ્તાવેજોના આધારે લોન લેવા પેરવી કરી રહેલ ગેરકાયદેસર વેચાણ કરી રહેવા ફરી રહેલા વારંવાર દાવાવાળી મિલકત ખાલી કરવા ગેરકાયદેસર ધમકીઓ આપી રહેલ અને રેવન્યુ રેકર્ડની નોંધ નં.૪૦૩૪ ની જાણ થયેલ ત્યારે થયેલ છે."**

આમ, **વાદીની સોગંદ ઉપરની જુબાનીની આ વિગતને ધ્યાને લેવામાં આવે તો રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ની જાણ થઇ ત્યારથી દાવાનું કારણ ઉભુ થયેલ છે તે રીતની વિગત જણાવેલ છે તેમજ દાવાવાળી જમીનનો કબજો વાદી પાસેથી છીનવી લીધેલ છે તે રીતની વિગત પણ જાહેર કરેલ છે. વાદીએ પોતાની સરતપાસના પેરા–૦૧ થી પેરા–૦૫ અને પાન નં.૧ થી પાન નં.૬**

**સુધીમાં કોઇ પણ જગ્યાએ પ્રતિવાદીએ દાવાવાળી તકરારી જમીનનો કબજો વાદી પાસેથી કઇ તારીખે, કયા વર્ષમાં છીનવી લીધેલ તેવી કોઇ સ્પષ્ટ વિગતો અને તારીખો જાહેર કરેલ નથી**.

વાદીએ પોતાની ઉલટતપાસમાં બીજી મહત્વની એવી વિગત જણાવેલ છે કે,

> **"મારી ઉંમર ૭૨ વર્ષ થયેલ છે. અમો ધોરણ-૬ સુધી ભણેલ છીએ. અમોએ હાલનો દાવો મારા પિતાની વારસાઈમાં મારા સિવાય કોઈ વારસદાર ન હોવા છતાં એન્ટ્રી નં.૪૦૩૪ તલાટીના મેળાપીપણામાં ભાઈઓ ભાગની એન્ટ્રી દાખલ કરાવી દીધેલ છે અને તે કેશવલાલ કાળીદાસે કરાવેલ છે તે મતલબે દાખલ કરેલ છે. નોંધ નં.૪૦૩૪ બાબતે અમોએ મામલતદારશ્રી સમક્ષ અરજીદાખલ કરેલ છે."**

આમ, વાદીએ પોતાના પિતાના અવસાન બાદ વારસદારોમાં તે પોતે એક માત્ર વારસદાર છે તે રીતે વિગત જાહેર કરેલ છે. આ સંદર્ભે વાદીએ દાવા અરજીના પેરા-૦૩ માં મુળ વડીલ સુથાર કાળીદાસ કેશવલાલનું પેઢીનામુ રજુ કરેલ છે અને તે પેઢીનામુ જોતાં સુથાર કાળીદાસ કેશવલાલને સંતાનમાં ત્રણ પુત્રો સોમનાથભાઈ આવે અને આ સોમનાથભાઈને વારસદારોમાં પુરીબેન (પત્ની), કુબેરભાઈ (પુત્ર), કમુબેન (પુત્રી), હીરાબેન (પુત્રી) તથા શાન્તાબેન (પુત્રી) તે રીતના વારસો છે. આમ, વાદીએ દાવા અરજીમાં પેરા-૦૩ માં પેઢીનામાના સોમનાથભાઈના જે વારસો જણાવેલ છે તેવા વારસદારોને દાવાના કામે વાદી તરીકે કે પ્રતિવાદી તરીકે દાખલ કરેલા નથી. જેથી વાદીની તે વર્તણુંક ધ્યાને લેવા પાત્ર થાય છે. વધુમાં વાદીની જે બહેન આવેલ છે તેઓ નિઃસંતાન છે કે કેમ? તે સંદર્ભે વાદીએ ઉલટતપાસમાં એવુ સ્પષ્ટ કબુલ કરેલ છે કે,

> **" સોમનાથભાઈના વારસદારોમાં અમો તથા ત્રણ બહેનો છે જે પૈકી ત્રણેય બહેનો મૈયત છે. તે વાત ખરી છે કે, દાવો**

**અમોએ એકમાત્ર કરેલ છે. તે વાત ખરી છે કે, અમારી બહેનોના સંતાનો હયાત છે. અમારા પિતાશ્રી મૈયત થયા ત્યારે અમારી ઉંમર આશરે ૫૫ થી ૬૦ વચ્ચેની હતી."**

આમ, **વાદીની જે બહેનો છે તેઓના અવસાન બાદ આ બહેનોના સંતાનો છે. જેથી આ વાદી સુથાર કુબેરભાઇ સોમાભાઈની બહેનો કે જે પેઢીનામામાં દાવા અરજીના પેરા–૦૩ માં દર્શાવવામાં આવેલ છે તેઓના વારસદારોને દાવાના કામે વાદી તરીકે કે પ્રતિવાદી તરીકે જોડેલા નથી. જેથી વાદીએ આ દાવાના કામે નેશેસરી પાર્ટી અને પ્રોપર પાર્ટીને જોડેલ નથી તેવુ પ્રથમ સ્પષ્ટ થાય છે**.

વાદીએ જે નોંધ નં.૪૦૩૪ સંદર્ભે દાદ માંગેલ છે તે સંદર્ભે ઉલટતપાસમાં એવુ કબુલ કરેલ છે કે,

**"તે વાત ખરી છે કે, એન્ટ્રી નં.૪૦૩૪ એ ભાઇઓ ભાગની એન્ટ્રી છે."**

આમ, રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ બે ભાઇઓ વચ્ચેની ભાઇઓ ભાગની વહેંચણી સંદર્ભેની નોંધ છે અને જેથી આ બે ભાઇઓ કયા છે તો તે બાબતે દાવા અરજીના પેરા–૦૩ માં પેઢીનામામાં દર્શાવવામાં આવેલ છે જેમા સોમનાથભાઇ એટલે કે વાદી સુથાર કુબેરભાઇના પિતા તથા કેશવલાલ એટલે કે પ્રતિવાદીના પિતા સુથાર નરસિંહભાઇ. આમ, **સોમભાઇ તથા કેશવલાલ વચ્ચે ભાઇઓ ભાગ અંગેની મિલકતોની વહેંચણી અંગેની નોંધની એન્ટ્રી નં.૪૦૩૪ ની તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પડેલ છે જેની જાણ વાદીને છે તેવુ સૌ પ્રથમ અદાલતે માની લેવુ પડે**.

**વાદીની દાવા અરજીનું પ્લીડીંગ ધ્યાને લેવામાં આવે અને વાદીએ પોતાની સરતપાસના પેરા–૦૧ થી પેરા–૦૫ અને પાન નં.૦૧ થી પાન નં.૦૬ સુધીમાં જે કોઇ વિગતો જાહેર કરેલ છે તેમા વાદીના પિતા સુથાર સોમનાથભાઇ કાળીદાસ નાઓએ પોતાની હયાતી દરમ્યાન આ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ને કોઇ પણ જગ્યાએ પડકારેલ હોય તે રીતની કોઇ વિગત જાહેર કરેલ નથી.**

**વધુમાં, આ સોમનાથભાઈ કાળીદાસ સુથાર નાઓએ પોતાની હયાતી દરમ્યાન રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ની કોઈ પણ જગ્યાએ પડકારેલી હોય તે સંદર્ભે વાદીએ દાવા અરજીમાં કોઈ પણ પ્લીડીંગ કરેલ નથી**. આમ, આ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ થી મિલકત સંદર્ભેના જે કોઈ વ્યવહારો થયેલા તેની પ્રથમ સીધી અસર વાદીના પિતા સોમનાથભાઈ નાઓને થયેલ છે તેવુ અદાલતે સ્પષ્ટ માની લેવુ પડે. **આ સોમનાથભાઈનું તા.૩૦/૦૮/૧૯૭૭ ના રોજ અવસાન થયેલ છે અને તે અવસાનના આધારે રેવન્યુ દફતરે નોંધ નં.૫૪૫૨ ની પડેલ છે અને તા.૨૩/૦૮/૧૯૮૦ ના રોજ પ્રમાણિત થયેલ છે**. **આ બાબતે વાદી તર્ફે આંક-૨૭ થી જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તે દસ્તાવેજોની વિગત ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે. આંક-૨૭ વાળો ગામ નમુના નં.૬ નું હકકપત્રક ધ્યાને લેવામાં આવે તો તેમા નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ સમંતિ જવાબના આધારે પાડીને તેમા જમીનની વહેંચણ કરવામાં આવેલ છે. જે વહેચણમાં સોમનાથભાઈના ભાગે રે.સ.નં.૭૯૯, ૮૧૨ અને ૮૧૫ વાળી જમીનો આવેલ છે, જયારે કેશવભાઈના ભાગે રે.સ.નં.૮૬૦, ૮૮૦ અને ૮૮૧ વાળી જમીનો આવેલી છે અને વાદીએ આ ૮૬૨, ૮૮૦ અને ૮૮૧ વાળી જમીનો સંદર્ભે હાલનો દાવો દાખલ કરેલો છે અને આ રેવન્યુ દફતરની નોંધ નં.૪૦૩૪ ની કાયદેસરતાના પડકારેલી છે. આ આંક-૨૭ વાળો દસ્તાવેજ કે જે વાદીએ દાવાના કામે રજુ કરેલો છે તે દસ્તાવેજમાં નોંધ નં.૫૪૫૨ તા.૦૮/૧૧/૧૯૭૭ ના રોજની પાડવામાં આવેલ છે અને તે નોંધ તા.૨૩/૦૮/૧૯૮૦ ના રોજ પ્રમાણિત થયેલ છે. આ નોંધની વિગત ધ્યાને લેવામાં આવે તો હાલના વાદી કુબેરભાઈ સોમનાથભાઈ સુથાર નાઓએ તેઓના પિતા સોમનાથભાઈ કાળીદાસ સુથાર નાઓનું તા.૩૦/૦૮/૧૯૭૭ ના રોજ અવસાન થતા પેઢીનામાના આધારે રે.સ.નં.૭૯૯, ૮૧૨ અને ૮૧૫ ની જમીનોની વારસાઈ કરાવેલ છે અને આ નોંધ નોટીસો બજયા બાદ પેઢીનામાના આધારે સર્કલ ઓફિસર, બેચરાજી દ્વારા તા.૨૭/૦૩/**

**૧૯૮૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે**. આમ, હાલના વાદીના પિતાનું અવસાન તા.૩૦/૦૮/૧૯૭૭ ના રોજ થયેલ છે તેવુ વાદીએ રજુ કરેલ આંક–૨૭ વાળા દસ્તાવેજના આધારે સ્પષ્ટ થાય છે. **આ સંજોગોમાં વાદીએ નોંધ નં.૪૦૩૪ ને પડકારેલ છે તે નોંધ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે. જેથી આ નોંધની તારીખથી વાદીના પિતાનું તા.૩૦/૦૮/૧૯૭૭ ના રોજ અવસાન થયેલ તે વચ્ચેનો સમયગાળો ધ્યાને લેવામાં આવે તો લગભગ ૭ વર્ષ ૮ મહિના અને ૬ દિવસ થાય છે**. આમ, રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ ત્યારબાદ વાદીના પિતાનું તા.૩૦/૦૮/૧૯૭૭ ના રોજ અવસાન થયેલ તે વચ્ચેના ૭ વર્ષ ૮ માસ અને ૬ દિવસના સમયગાળામાં આ સોમનાથભાઇ કાળીદાસ સુથાર નાઓએ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ને કોઇ પણ જગ્યાએ પડકારેલી હોય તેવુ બતાવતો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલો નથી. **આવા સંજોગોમાં રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ભાઇઓ ભાગમાં પાડવામાં આવેલ હતી કે ભાઇઓ ભાગમાં પાડવામાં આવેલ નથી તે હકીકત બંનેવ ભાઇઓ એટલે કે સોમનાથભાઇ કાળીદાસ સુથાર અને કેશવભાઇ કાળીદાસ સુથાર નાઓ જણાવી શકે છે પરંતુ આ કેસમાં બંનેવ ભાઇઓ અવસાન પામેલા છે. જેથી નોંધ નં.૪૦૩૪ કયા સંજોગોમાં પાડવવામાં આવેલ છે તે સંદર્ભે કોઇ પુરાવો વાદી તર્ફે રજુ થતો નથી**.

(૧૯) **આ કામે વાદીએ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં. ૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ને પડકારેલી છે પરંતુ નોંધ નં.૫૪૫૨ તા.૦૮/૧૧/૧૯૭૭ ના રોજ વારસાઇથી પાડવામાં આવી તે સમયે વાદી દ્વારા રેવન્યુ દફતરે હાલની દાવાવાળી તકરારી રે.સ.નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ વાળી જમીનો સંદર્ભે વારસાઇ કરવાની શરૂઆતમાં કેમ કોઇ કાર્યવાહી કરેલ નથી તેનો કોઇ ખુલાસો કરવામાં આવેલો**

**નથી**. વધુમાં, **આ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ ના સાધનિક કાગળો રેવન્યુ ઓથોરીટી પાસે ઉપલબ્ધ નથી તેવી વિગત વાદી દ્વારા પુરાવામાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આમ, રેવન્યુ નોંધ નં.૪૦૩૪ રેવન્યુ દફતરે પડેલ છે તે હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ સાબિત થાય છે**. આવા સંજોગોમાં રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધની કાયદેસરતાને પડકારવી હોય તો વાદીએ રેવન્યુ ઓથોરીટીમાં નિયમ મુજબ તે નોંધને સમય મર્યાદા અંતર્ગત પડકારવી પડે. આ કેસમાં વાદીએ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ને નિયત સમયમર્યાદામાં રેવન્યુ ઓથોરીટીમાં પડકારેલી નથી અને વાદી દ્વારા જયારે આ નોંધને રેવન્યુ ઓથોરીટીમાં પડકારવા આવી ત્યારે સમયમર્યાદાના મુદ્દા ઉપર તે રીવીઝન અરજી કાઢી નાંખવામાં આવેલ છે. આમ, રેવન્યુ ઓથોરીટીમાં આ નોંધને પડકારવામાં છતા રેવન્યુ ઓથોરીટી દ્વારા આ નોંધને રદ્દ કરવામાં આવેલ નથી.

વધુમાં, રેવન્યુ દફતરે નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે અને તે તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ પ્રમાણિત થયેલ છે. આવા સંજોગોમાં બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫(જે) ની જોગવાઇ અત્યંત ગંભીરતાતી ધ્યાને લેવી જરૂરી છે અને તે એવી છે કે,

> " **S.135 J - Presumption of correctness of entries in record of rights and register of mutations :-**An entry in the record of rights, and a certified entry in the register of mutations **shall be presumed to be true until the contrary is proved** or a new entry is lawfully substituted therefor."

આમ, **બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની ક.૧૩૫(જે) ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તે રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ કે જે**

**પ્રમાણિત થયેલ છે તે તેની કાયદેસરતાની પ્રક્રિયા કરીને પાડવામાં આવેલ સાચી નોંધ છે તે રીતે અદાલતે માની લેવુ પડે એટલે કે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(જે) અન્વયે નોંધની કાયદેસરતાના મુદ્દા ઉપર અદાલતે પ્રિઝમશન ડ્રો કરવુ પડે. આ કિસ્સામાં આ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ની કે જે તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ પ્રમાણિત થયેલ છે તે નોંધની કાયદેસરતા સંદર્ભે બીજો કોઇ પુરાવો રજુ થાય અને વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી તે નોંધ સાચી છે તે રીતે માની લેવુ પડે. આવા સંજોગોમાં આ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(જે)ની કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં પણ રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ કાયદેસરની પ્રમાણિત થયેલ નોંધ છે તે રીતે અદાલતે માનવુ પડે તેમ માનું છું.**

(૨૦) વધુમાં, આ કામે આંક–૨૮, આંક–૨૯ અને આંક–૩૦ વાળા દસ્તાવેજો વાદીએ રજુ કરેલ છે અને તે અનુસાર નોંધ નં.૪૦૩૪ ના સાધનિક કાગળો તલાટી ઓફિસમાં, ગ્રામ પંચાયતના દફતરે ઉપલબ્ધ નથી તેમજ મામલતદાર કચેરી, બેચરાજી ખાતે ઉપલબ્ધ નથી તેમજ તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ પણ આ નોંધના કાગળો ઉપલબ્ધ નથી.

આમ, રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ની પાડવામાં આવી અને તે પ્રમાણીત થઇ ત્યાર બાદના કોઇ સાધનિક કાગળો ઉપલબ્ધ નથી તેવુ રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે. આ વિગતની સાથે પ્રતિવાદી તર્ફે આંક–૫૧ અને આંક–૫૩ થી રેવન્યુ ઓથોરીટી દ્વારા જે હુકમો કરવામાં આવેલ તે રજુ થયેલ છે. વધુમાં આંક–૫૪ થી ભવાનભાઇ બબલદાસ સુથાર નાઓએ જે સોગંદનામુ કરી આપેલુ છે તે અસલ સોગંદનામુ રજુ થયેલ છે તથા આંક–૫૫ થી પુરષોત્તમભાઇ ડાહયાભાઇ સુથાર નાઓએ જે સોગંદનામુ કરી આપેલુ છે તે અસલ સોગંદનામુ રજુ થયેલ છે. વધુમાં દાવાવાળી

તકરારી જમીન સંદર્ભે સુથાર નરસિંહભાઈ કેશવલાલ નાઓએ સને ૧૯૬૯ થી ૨૦૧૩ સુધીનું જમીન મહેસુલ ભરેલુ છે અને કોઈ જમીન મહેસુલ બાકી નથી તે બાબતનો દાખલો ત.ક.મંત્રી પાસેથી તા.૦૭/૦૪/૨૦૧૪ ના રોજ મેળવેલો છે તે રજુ કરવામાં આવેલ છે. આ સિવાય દાવાના કામે આંક–૫૭ થી ખેડુત પોથી પણ રજુ થયેલ છે અને તે પ્રતિવાદીએ પોતાની કસ્ટડીમાંથી રજુ કરેલ છે. જેમા જે તે સમયથી કેટલાક તલાટી દ્વારા કરવામાં આવતી નોંધ પણ કરવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદીએ આંક–૫૮ થી દેવગઢ સેવા સહકારી મંડળી લી. નો તા.૦૪/૦૩/૨૦૧૧ ના રોજનો દાખલો રજુ કરેલ છે અને તેમા સને ૧૯૬૯ ના વર્ષમાં એન્ટ્રી નં.૪૦૩૪ થી જમીનની વહેંચણી થયેલ અને બંને ભાઈઓના વારસદારો અલગ ખેતી કરે છે તે રીતની વિગત જેમા જાહેર કરવામાં આવેલ છે. વધુમાં આંક–૫૯ થી શ્રી દેવગઢ સેવા સહકારી મંડળી લી. નું શેર સર્ટીફીકેટ રજુ થયેલ છે. આ સિવાય આંક–૭૩ થી જે લખાણ થયેલ તે તા.૨૨/૦૪/૧૯૭૦ ના રોજનું અસલ લખાણ પણ રજુ થયેલ છે. તે સિવાય આંક–૮૪ થી સમજુતી કરાર (વહેંચણી કરાર લેખ) પણ નોટરી રૂબરૂનો તા.૦૬/૦૬/૨૦૦૬ ના રોજ નોંધાયેલો રજુ થયેલ છે. આવા સંજોગોમાં આ તમામ બાબતો, દસ્તાવેજો અને રેવન્યુ નોંધની વિગતો ધ્યાને લેતાં દાવાવાળી તકરારી ખેતીની જમીનો ડીસ્ટ્રીકટ મહેસાણા સબ ડીસ્ટ્રીકટ બેચરાજી મોજે દેથલી (દેવગઢ)ની રે.સ.નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ વાળી જમીનો સંદર્ભે વહેંચણીની નોંધ નં.૪૦૩૪ ની તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે અને તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ પ્રમાણિત થયેલ છે. જેથી **આ નોંધ નં.૪૦૩૪ પ્રમાણિત થઈ ત્યારથી આ મિલકતના કાયદેસરના માલિક પ્રતિવાદીના પિતા કેશવલાલ કાળીદાસ સુથાર નાઓ બને છે અને જેથી વહેંચણી થયા બાદ મિલકતના સ્વતંત્ર કાયદેસરના માલિક કેશવલાલ કાળીદાસ સુથાર બનતા હોવાથી આ મિલકતમાં કેશવલાલ કાળીદાસ સુથાર નાઓને કાયદેસરનો માલિકી હકક અને કબજો ભોગવટો નોંધ**

**<u>નં.૪૦૩૪ પાડવામાં આવી ત્યારથી આ જમીનોમાં છે અને તેઓના અવસાન બાદ આ મિલકતના કાયદેસરના માલિક અને કબજેદાર તેઓના વારસદારો બને છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વક માનવુ છે</u>.**

(૨૧) આ કામે ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૧૭ થી મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં આપેલો છે તેમા ઉપરોકત ચર્ચાની વિગતે નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ની પડયા બાદ આ મિલકતના માલિક કેશવલાલ કાળીદાસ સુથાર નાઓ બને છે અને ત્યારથી તેઓનો આ દાવાવાળી તકરારી મિલકતમાં કબજો ભોગવટો ચાલતો આવેલો છે અને જેથી મુદ્દા નં.૧ નો જવાબ ટ્રાયલ કોર્ટે અંશતઃ હકારમાં આપેલો છે. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચાની વિગતે અત્રેની અદાલત તે નિર્ણય સાથે સહમત થાય છે.

વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૧૭ થી કાઢવામાં આવેલા મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપેલો છે પરંતુ આ કામે વાદી દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવામાં કોઇ પણ જગ્યાએ વાદીના પિતા સોમનાથભાઈ કાળીદાસ સુથાર નાઓએ આ જમીનો પોતાના સ્વંતત્ર કમાણીમાંથી ખરીદ કરેલ હોય તેવુ બતાવવા માટે કોઇ વ્યાજબી દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલો નથી. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો જે તે સમયે સંયુકત કુટુંબ હોવાથી સંયુકત કુટુંબની આવકમાંથી મિલકત ખરીદ કરેલ હોય શકે છે. જેથી તે મિલકત ખરીદ કરવા માટેના નાણા સોમનાથભાઈ કાળીદાસ સુથાર નાઓના સ્વંતત્ર કમાણીના હતા તેવુ બતાવતો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલો નથી. જેથી અત્રેની એપેલેટ કોર્ટ ટ્રાયલ કોર્ટના મુદ્દા નં.૨ થી આપવામાં આવેલ નિર્ણયની સાથે આ મુદ્દા ઉપર આ બાબતે સહમત થતી નથી અને અત્રેની એપેલેટ કોર્ટ એવુ માને છે કે, જે તે સમયે વેચાણ દસ્તાવેજથી મિલકત ખરીદ કરવામાં આવેલ હતી પરંતુ તે મિલકત ખરીદ કરવા માટેની રકમ સોમનાથભાઈ કાળીદાસ સુથાર નાઓની અંગત કમાણીની હતી તેવુ રેકર્ડ ઉપર સાબિત થતુ નથી. જેથી મુદ્દા

નં.૨ નો જવાબ અત્રેની એપેલેટ કોર્ટ અંશતઃ હકારમાં આપે છે.

રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી જે મુદ્દાઓ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૩ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્વારા નકારમાં આપેલો છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ તે નિર્ણયની સાથે સહમત થાય છે.

વધુમાં રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી જે મુદ્દાઓ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૪ નો જવાબ ટ્રાયલ કોર્ટે નકારમાં આપેલો છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ ટ્રાયલ કોર્ટના તે નિર્ણયની સાથે સહમત થાય છે.

વધુમાં રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી જે મુદ્દાઓ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૫ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્વારા નકારમાં આપવામાં આવેલો છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ ટ્રાયલ કોર્ટના તે નિર્ણયની સાથે સહમત થાય છે.

રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી જે મુદ્દાઓ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૬ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્વારા નકારમાં આપવામાં આવેલો છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ ટ્રાયલ કોર્ટને તે નિર્ણયની સાથે સહમત થાય છે.

આ કામે રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી કાઢવામાં આવેલા મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૭ નો ટ્રાયલ કોર્ટે પોતાના હુકમના પાન નં.૯ ઉપર જવાબ "૭.નકારમાં" તે રીતે આપેલ છે અને ટ્રાયલ કોર્ટે પોતાના આ મુદ્દાના નિર્ણય સંદર્ભે પેરેગ્રાફ્સ નં.૧૨ માં પાન નં.૩૦, ૩૧ અને ૩૨ માં વિગતવારની ચર્ચા કરેલ છે. આ વિગતવારની ચર્ચા ધ્યાને લેવામાં આવે તો ટ્રાયલ કોર્ટે પાન નં.૩૨ ઉપર ટ્રાયલ કોર્ટે એવુ સ્પષ્ટ ઠરાવેલ છે કે,

**"આંક-૮૪ મુજબ વાદીને તા.૦૧/૦૫/૨૦૦૬ ના રોજ કરાર થયા અંગેની માહિતી હતી જ છતાં પણ તે અંગેની માહિતી વાદીએ છુપાવેલ છે અને કોઇ પણ જાતની સ્પષ્ટતા વિના ફેરફાર નોંધ નં.૪૦૩૪ ની જાણ થતા આ**

**દાવો કરેલવાનું જણાવેલ છે જે દાવો સમયમર્યાદામાં છે તેવુ માની શકાય નહિ. કારણ કે, સમયમર્યાદા અધિનિયમ મુજબ જાણ થયાના ૩ વર્ષમાં દાવો દાખલ કરવો જરૂરી છે. આ કામે ફેરફાર નોંધ સને ૧૯૭૦ માં પ્રમાણિત થયેલ છે પરંતુ તા.૦૧/૦૫/૨૦૦૬ ના રોજ આંક-૮૪ મુજબના કરારથી વાદીને સંપૂર્ણ માહીતી આ તકરારી મિલકત અંગે હતુ પણ માની શકાય તેમ છે જેથી વાદીનો દાવો સમયમર્યાદામાં નથી.**"

તે રીતે સ્પષ્ટ ઠરાવવામાં આવેલ છે. વધુમાં અત્રેની એપેલેટ કોર્ટ દ્વારા વિગતવારની ચર્ચા કરેલ છે અને તેમા રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે તેની સાથે સાથે રેવન્યુ નોંધ નં.૫૪૫૨ તા.૦૮/૧૧/ ૧૯૭૭ ના રોજ વારસાઈની પાડવામાં આવેલ છે તેમા સોમનાથભાઇ કાળીદાસ સુથારનાઓ અવસાન પામેલા છે તે રીતે દર્શાવી રે.સ.નં. ૭૯૯, ૮૧૨ અને ૮૧૫ વાળી જમીનો વારસાઈથી તેઓના નામ ઉપર ચઢેલી છે. જેથી આ કિસ્સામાં વાદીના દાવાને સમયમર્યાદાનો સ્પષ્ટ બાધ નડે છે તે રીતની વિગત પ્રતિવાદી દ્વારા પુરાવો રજુ કરીને સાબિત કરવામાં આવેલ છે. **આવા સંજોગોમાં મુદ્દા નં.૭ નો જવાબ ટાઈપ કરવામાં "નકારમાં" ટાઈપ થયેલ છે જે ટાઈપોગ્રાફીકલ ભુલ છે તેવુ અત્રેની એપેલેટ કોર્ટ સ્પષ્ટ માને છે તેમ છતાં જો આ ટાઈપોગ્રાફીકલ ભુલ તરીકે ગણવામાં ન આવે તો અત્રેની એપેલેટ કોર્ટ વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે તે રીતે માનીને મુદ્દા નં.૭ નો જવાબ હકારમાં આપે છે**.

વધુમાં રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે આંક-૧૭ થી જે મુદ્દાઓ કાઢવામાં આવેલા છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૮ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્વારા હકારમાં આપવામાં આવેલ છે. આ કામે વાદીનું પોતાનું દાવા અરજીનું પ્લીડીંગ ધ્યાને લેવામાં આવે તો વાદીએ દાવા અરજીમાં પેરા-૦૩ માં સુથાર કાળીદાસ કેશવલાલનું પેઢીનામુ રજુ

કરેલ છે અને ત્યારબાદ સોમનાથભાઈ અને કેશવલાલ નાઓ અવસાન પામતા તેઓનું પણ પેઢીનામુ રજુ કરેલ છે. તે સંજોગોમાં આ તમામ વારસદારો આ દાવામાં જરૂરી પક્ષકારો છે અને વાદીએ આ તમામ વ્યકિતઓને પક્ષકારો તરીકે જોડયા સિવાય દાવો કરેલ છે. જેથી વાદીના દાવાને તે પક્ષકારોની ખામીનો બાધ નડે છે તે રીતની વિગત પણ સ્પષ્ટ સાબિત થાય છે. જેથી ટ્રાયલ કોર્ટ દ્ધારા મુદ્દા નં.૮ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે તેની સાથે અત્રેની એપેલેટ કોર્ટ સહમત થાય છે.

વધુમાં, **રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે આંક-૧૭ થી કાઢવામાં આવેલ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૯ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્ધારા અંશતઃ હકારમાં આપવામાં આવેલ છે. આ કેસમાં વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે તેવુ ટ્રાયલ કોર્ટે પોતાના હુકમના ચર્ચાના કારણોમાં પાન નં.૩૦, ૩૧ અને ૩૨ ઉપર ઠરાવેલ છે. વધુમાં અત્રેની એપેલેટ કોર્ટે પણ વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે તે રીતે સ્પષ્ટ માને છે. આમ, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોય ત્યારે વાદી દાવામાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા માટે કાયદેસર રીતે હકકદાર બનતા નથી. આમ, અત્રેની એપેલેટ કોર્ટ ટ્રાયલ કોર્ટના મુદ્દા નં.૯ થી આપવામાં આવેલ "અંશતઃ હકારમાં" ના જવાબની સાથે સહમત થતી નથી અને હાલના વાદી દાવા અરજીમાં પેરા-૧૦ માં માંગેલ કોઈ પણ દાદ સમયમર્યાદાનો બાધ નડતો હોવાથી કાયદેસર રીતે મેળવવા હકકદાર થતા નથી. જેથી અત્રેની એપેલેટ કોર્ટ મુદ્દા નં.૯ નો જવાબ નકારમાં આપે છે. આવા સંજોગોમાં અત્રેની એપેલેટ કોર્ટ મુદ્દા નં.૯ નો જવાબ નકારમાં આપતી હોવાથી વાદી કોઈ દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી. જેથી ટ્રાયલ કોર્ટ દ્ધારા પોતાના હુકમના પાન નં.૪૧ ઉપર "મોજે ગામ દેથલી(દેવગઢ), તા.બેચરાજી, જી.મહેસાણાની સીમ સર્વે નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ ની જમીનો વાદીના પિતાની સ્વતંત્ર કમાણીની હોવાનું ઠરાવવામાં આવે છે" તે રીતે જે હુકમ કરેલ છે તે દાદ વાદીને કાયદેસર રીતે મળવા પાત્ર થતી નથી**

**<u>કારણ કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે</u>**. વધુમાં ટ્રાયલ કોર્ટના હુકમના પાન નં.૭૧ ઉપર "સમયમર્યાદા અધિનિયમ મુજબ વાદીનો દાવો નામંજુર(રદ્દ) કરવામાં આવે છે" તે રીતે હુકમ કરેલ છે. આમ, વાદીનો દાવો નામંજુર(રદ્દ) ટ્રાયલ કોર્ટે કરેલ છે જેથી અત્રેની એપેલેટ કોર્ટ આ તમામ ચર્ચાની વિગતોને ધ્યાને લઈ મુદ્દા નં.૯ નો જવાબ "નકારમાં" આપતી હોવાથી વાદીનો દાવો નામંજુર(રદ્દ) થવાને પાત્ર થાય છે અને જેથી મુદ્દા નં.૧૦ નો ટ્રાયલ કોર્ટ દ્વારા જે નિર્ણય કરેલ છે તે નિર્ણયમાં પણ ફેરફાર કરવો ખૂબજ જરૂરી જણાય છે અને "મોજે ગામ દેથલી(દેવગઢ), તા.બહુચરાજી, જી.મહેસાણાની સીમ સર્વે નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ ની જમીનો વાદીના પિતાની સ્વતંત્ર કમાણીની હોવાનું ઠરાવવામાં આવે છે" તેટલા પુરતો હુકમ રદ્દ કરી તેને દુર કરવુ જરૂરી જણાય છે અને તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટના હુકમમાં તેટલા પુરતો સુધારો કરવો પણ જરૂરી જણાય છે. જથી મુદ્દા નં.૧૦ નો જવાબ અત્રેની એપેલેટ કોર્ટ ઉપરોકત ચર્ચાની વિગતે આપે છે.

આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા દાવાના કામે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન સમયે ટ્રાયલ કોર્ટ દ્વારા કેટલીક મહત્વની બાબતો ધ્યાને લેવામાં શરતચુક થયેલ હોય તેવુ જણાય છે અને જેથી અત્રેની એપેલેટ કોર્ટ ટ્રાયલ કોર્ટના હુકમ તથા હુકમનામામાં ન્યાયનું હિત જાળવવા માટે હસ્તક્ષેપ કરવો જરૂરી છે તેવુ શુધ્ધબુધ્ધિપૂર્વક માનુ છું. જેથી અત્રેની એપેલેટ કોર્ટના પોઈન્ટ ફોર ડીટરમીનેશન મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં આપુ છું.

**<u>પોઈન્ટ ફોર ડીટરમીનેશ મુદ્દા નં.૨ઃ–</u>**

(૨૨) રેવન્યુ દફતરે પાડવામાં આવેલ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ના રોજ પાડવામાં આવેલ છે અને તે તા.૧૫/૦૨/૧૯૭૦ ના રોજ પ્રમાણિત થયેલ છે તે રીતની વિગત પુરાવાથી સાબિત થયેલ છે. **<u>બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(જે) મુજબ, નોંધ નં.૪૦૩૪ સંદર્ભે જે પ્રિઝમશન ડ્રો થાય છે તે પ્રિઝમશન વાદી રીબર્ટ કરવામાં</u>**

**<u>સદંતર નિષ્ફળ નિવડેલ છે</u>**. મુળ વડીલ સુથાર કાળીદાસ કેશવલાલને સંતાનમાં સોમનાથભાઈ કાળીદાસ સુથાર તથા કેશવલાલ કાળીદાસ સુથાર નાઓ છે. આ બંનેવ ભાઈઓએ પોતાની હયાતી દરમ્યાન રેવન્યુ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ થી અંદરોઅંદર વહેંચણી કરેલ છે અને આ બંનેવ ભાઈઓની હયાતી દરમ્યાન આ નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ ની કયારેય પડકારેલી નથી. જેથી આ વહેંચણી થયા બાદ સોમનાથભાઈ કાળીદાસ સુથારના ભાગે રે.સ.નં.૭૯૯, ૮૧૨ અને ૮૧૫ ની જમીનો આવેલી છે. જેથી તેઓ તેવી વહેંચણીથી કાયદેસરના માલિક બને છે તેવી જ રીતે કેશવલાલ કાળીદાસ સુથારના ભાગે રે.સ.નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ વાળી જમીનો આવતી હોવાથી તેઓ તે દિવસથી આ જમીનોના વહેંચણથી કાયદેસરના માલિક અને કબજેદાર બને છે તેવુ સાબિત થયેલાનું અત્રેની એપેલેટ કોર્ટ માને છે. નોંધ નં.૪૦૩૪ તા.૨૪/૧૨/૧૯૬૯ થી દાવાવાળી તકરારી ખેતીની જમીનનો કબજો કાયદેસર રીતે કેશવલાલ કાળીદાસ સુથાર પાસે આવેલો અને ત્યારબાદ તેઓનું અવસાન થતા કેશવલાલના વારસદારોને આ જમીનમાં કાયદેસરનો કબજો ભોગવટો ચાલતો આવેલો છે તેવુ સાબિત થાય છે તેમ અત્રેની એપેલેટ કોર્ટે માનેલુ છે અને તેથી દાવાવાળી તકરારી જમીન ઉપર હાલના પ્રતિવાદીઓનો કબજો ભોગવટો છે તેવુ અત્રેની એપેલેટ કોર્ટ માને છે.

આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા જે હુકમમાં પાન નં.૪૧ ઉપર "મોજે ગામ દેથલી (દેવગઢ), તા.બહુચરાજી, જી.મહેસાણાની સીમના સર્વે નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ ની જમીનો વાદીના પિતાની સ્વતંત્ર કમાણીની હોવાનું ઠરાવવામાં આવે છે" તે રીતે જે હુકમ કરેલો છે તે રદ્દ કરી હુકમમાં સુધારો કરી વાદીનો દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે તે રીતે વાદીનો દાવો નામંજુર(રદ્દ) કરવો જોઈએ. આવા સંજોગોમાં ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતાં વિવાદીની અપીલમાં ઉઠાવેલી બાબતો જોતાં ટ્રાયલકોર્ટના હુકમમાં અંશતઃ સુધારો કરવો જોઈએ અને તે રીતે વિવાદીની હાલની અપીલ ઉપરોકત ચર્ચાની વિગતે ટ્રાયલ

કોર્ટના હુકમમાં સુધારો કરવા પાત્ર થતો હોવાથી અંશતઃ મંજુર કરવી જોઇએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી વિવાદીની હાલની અપીલ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

આથી રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના કામે પ્રિન્સીપાલ સીવીલ જજ, બહુચરાજી નાઓના પાન નં.૪૧ ઉપર ટ્રાયલ કોર્ટ દ્ધારા કરવામાં આવેલ હુકમ "મોજે ગામ દેથલી (દેવગઢ), તા.બહુચરાજી, જી. મહેસાણાની સીમ સર્વે નં.૮૬૨, ૮૮૦ અને ૮૮૧ ની જમીનો વાદીના પિતાની સ્વતંત્ર કમાણીની હોવાનું ઠરાવવામાં આવે છે પરંતુ સમયમર્યાદા અધિનિયમ મુજબ વાદીનો દાવો નામંજુર(રદ્દ) કરવામાં આવે છે" તે હુકમમા સુધારો કરી, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોવાથી, વાદીનો દાવો નામંજુર(રદ્દ) કરવામાં આવે છે તે રીતે હુકમ કરવામાં આવે છે.

બંને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમની એક નકલ રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાના કામે રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૦ ના દાવાનું અસલ રેકર્ડ તાત્કાલિક અસરથી ટ્રાયલ કોર્ટને પરત મોકલવુ.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તા.૦૨ જી, માહે-જુન સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૨/૦૬/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)
સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ
મહેસાણા
જીજે૦૦૬૯૧